# GLOBALLY CONNECTED VAYADA

VAYVASET
Connecting mutual strengths
A Vayvaset Initiative !

## (GLOBALLY CONNECTED VAYADA)

જી.સી.વી. નામ જ તેના વિસ્તૃતીકરણ માટે પર્યાપ્ત છે.
શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટની રાહબરી હેઠળ, **GCV** દ્વારા વાયડા જ્ઞાતિના જ્ઞાતિજનો જયાં પણ રહેતા હોય તે સૌને એકમેકથી જોડવાનો આ સુપ્રયાસ છે. દરેક જ્ઞાતિજનને, તેઓનું ભૌગોલીક સ્થાન, વય, અભ્યાસ, કાર્યક્ષેત્ર વિગેરેને ધ્યાનમાં લીધા વગર નેટવર્કીંગને મજબુત બનાવવા, જ્ઞાનની વિશાળ સમૃદ્ધી સંપૂર્ણ બનાવવા અને ફેલોશીપ વધારવા આપણે જોડાઈએ. સંક્ષિપ્તમાં હેતુ નીચે મુજબ છે.

### ૧. મજબુત સક્ષમ વૈશ્વિક નેટવર્કીંગનો વ્યાપક ઉપયોગ :

આપણે સૌ નેટવર્કીંગના ફાયદાથી પરિચિત છીએ. ચાલો - **GCV** દ્વારા એકમેકને જોડીએ, જાણીએ - આપણા સાથી જ્ઞાતિજનોનો પરિચય કેળવીએ, આપણામાંથી ઘણાએ વ્યવસાય, રોજગાર અને કાર્યક્ષેત્રમાં ઘણી ઉંચાઈ પ્રાપ્ત કરી છે, કેટલાક અમુક ચોક્કસ કાર્યક્ષેત્રના નિષ્ણાત પણ હશે, હેતુ એ જ છે કે જ્ઞાતિના તમામ જ્ઞાતિજનોની માહિતી મેળવી, ડેટાબેંક બનાવી અને આ ડેટાબેંક - જ્ઞાનના વિનિમય માટે અને તેને સબંધિત હિતમાં તમામ જ્ઞાતિજનો માટે આ સંચય ઉપલબ્ધ કરાવવાનો છે.
આ પ્રયાસ જ્ઞાતિજનો વિષે તમામ સભ્યોમાં જાગૃતિ લાવશે અને આજે જે, તે જ્ઞાતિજન, યથા સ્થાને ઉભા છે, તે આ ડેટાબેંકની મદદથી જ્ઞાનના વિનિમયથી પોતાની કુશળતા, અભ્યાસ/અનુભવ જ્ઞાન, બીજા જ્ઞાતિજન માટે ઉપયોગી પૂરવાર થશે. તમામ જ્ઞાતિજનોના નેટવર્કીંગનો આ જ હેતુ છે.

### ૨. જ્ઞાન-કૌશલ્ય કેન્દ્ર (Knowledge - Expertise Hub) સ્થાપના - વિનિમય :

આવો આ દિશામાં પહેલ કરી જ્ઞાન-કૌશલ્યની વિશાળ સંપત્તિ એકત્રીત કરીએ. આપણે નાણાકીય સંપત્તિ એકત્રીત કરવાનું વિચારીએ છીએ, પરંતુ આજે જ્ઞાન-કૌશલ્યની સંપત્તિ વિષે વિચારીએ. જ્ઞાન-કૌશલ્ય કેન્દ્ર દ્વારા જ્ઞાન-કૌશલ્યનું આદાન પ્રદાન કરીએ, વિચારો અને અનુભવની આપ લે કરીએ. જ્ઞાન-કૌશલ્ય વિચાર તથા અનુભવને આપણે સામાન્ય પ્લેટફોર્મ પર લાવી, દરેક માટે પ્રાપ્ય બનાવીએ. તે કરવા માટે નીચે નિમ્નલિખીત રીતો અપનાવીએ :

૧. વોટ્સએપ - ઈમેલ પર સામ્યતા ધરાવતા વિચારો અને જ્ઞાન વિનિમયનું ગ્રુપ બનાવવું સમયાનુચિત, પ્રાસંગિક ભેગા થઈ પસંદગીના વિષયોની ચર્ચા કરવી.
૨. ઈંગ્લીશમાં બીજું નવું ડીજીટલ ઈ-મેગેઝીન વેબસાઈટ ઉપર પોસ્ટ કરવું.
૩. જ્ઞાતિની વેબસાઈટ www.vayvaset.in પર ઓન લાઈન બ્લોગ બનાવી જ્ઞાન-કૌશલ્ય વિનીમય / ચર્ચાઓ /સૂચનો માટે જ્ઞાતિજનોને આમંત્રિત કરવા.

આ સંબંધિત વિષયોમાં સ્વાસ્થ્ય, શિક્ષણ, પેરેંટીગ ફાઈનાન્સ પ્લાનીંગ, આર્થિક રોકાણ, આહાર, 'કાનુની સલાહ' ધંધાકીય સલાહ, રીસ્ક મેનેજમેન્ટ, એન્જીનીયરીંગ, ટેકનોલોજી, વીમાજ્ઞાન, અર્થશાસ્ત્ર, સોશિયલ બોન્ડીંગ, આવા અનેક વિષયોના સમાવેશ શક્ય છે જે યુવાન પેઢીને તેમના અભ્યાસ, રૂચિ, કારર્કીદીના નિર્માણ, વ્યવસાય વિગેરેને આગળ લઈ જવામાં મદદરૂપ થશે.

## ૩. મિત્રાચારી (ફેલોશીપ) વધારવી :

જૂના મિત્રો અને નવા જ્ઞાતિજનો સાથે જોડાઈને ભવ્ય ભૂતકાળને યાદ કરીએ અને ભવિષ્યના નવા સબંધોનું નિર્માણ કરીએ, આ જોડાણ હંમેશા આપણને સંતોષ આપશે. GCVના માધ્યમથી જ્ઞાતિના તમામ જ્ઞાતિજનોને જોડવાનો આ સંકલ્પ છે, જે એકવાર શરૂ થયે આપમેળે પ્રોત્સાહિત થતો રહેશે. ફેલોશીપમાં વધારો અને તેનાથી સર્જાતી એકતાનો પરિસંવાદ માણીએ, તેનુ ફળ પામીએ. આવો, સાથે મળી આ જોડાણને વધાવી આગળ વધીએ, વિકાસપામીએ.

## વોટ્સએપ મેસેન્જર ગ્રુપના સિધ્ધાંતો/ નિયમો તથા મેમ્બર્સ માટેની ગાઈડલાઈન્સ :

GCVની પહેલ વોટસઅપ ગ્રુપ છે, જેનાથી દેશ વિદેશમાં વસતા આપણા જ્ઞાતિજનો, ડીજીટલી જોડાઈ વ્યક્તિગત સંપર્કમાં રહી, એક મેક સાથે ઉપરોક્ત દર્શાવેલા ફાયદાઓ માણી શકે, જ્ઞાન-કૌશલ્ય વિનિમય કરી શકે. આ વોટ્સઅપને વધુ સારી રીતે સંચાલીત કરવા તેના અમુક ચોક્કસ સિધ્ધાંતો અનુસરવા વિનંતી કરવામાં આવે છે. આ સિદ્ધાંતો/ નિયમો એકબીજા સાથે આ માધ્યમથી જોડાવા માટે મહત્વપૂર્ણ સંદેશા-વ્યવહાર અને પ્રાથમિક સંકલનનો ઉદ્દેશ સુનિશ્ચિત કરવા માટે છે.

## પ્રારંભિક સિધ્ધાંતો નીચે મુજબ છે.

૧. આ ગ્રુપમાં ફક્ત વાયડા વણિક વ્યક્તિઓનેજ મેમ્બરશીપ આપવામાં આવશે.

૨. પહેલા મેમ્બરનું સહી કરેલ વિગતો ભરેલ આવેદનપત્ર ગ્રુપ એડમીનને ઈમેઈલ/મેઈલથી પહોચાડવું જરૂરી છે. (ફોર્મની બ્લેન્ક કોપી જ્ઞાતિની વેબસાઈટ પરથી મેળવી શકાશે)

મેમ્બરશીપ લેવા માટેની વ્યક્તિગત બાહેંધરી : (એપ્લીકેશન ફોર્મમાં ભરવાની રહેશે)
“મને આપવામાં આવનાર જી.સી.વી.ના વોટ્સેપ ગ્રુપની મેમ્બરશીપ માટે મારા દ્વારા ગ્રુપમાં મુકવામાં આવનાર કન્ટેન્ટ (મોકલાવેલ સંદેશા) બાબતે હું મારી વ્યક્તિગત જવાબદારીની બાહેંધરી આપું છુ. આ કન્ટેન્ટ માટે કોઈ પ્રકારની કાયદાકીય જવાબદારી ઉભી થાય તો તે સંપૂર્ણપણે મારી રહેશે. જ્ઞાતિ તથા ગ્રુપ એડમીન મારા કન્ટેન્ટ માટે સામાજિક અથવા કાયદાકીય રીતે બધી જવાબદારીથી મુક્ત રહેશે.”

૩. ત્યાર બાદ મોબાઈલ નંબરથી મેમ્બરને જી.સી.વી. વોટ્સેપ મેસેન્જર ગ્રુપમાં જોડવામાં આવશે. આ મેમ્બરશીપ, ગ્રુપના એડમીનશ્રી થકી આપવામાં આવશે. મેમ્બરના એક મોબાઈલ નંબરને આ ગ્રુપના લીસ્ટમાં સામેલ કરવામાં આવશે. આ વર્ષની મેમ્બરશીપ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી નિઃશુલ્ક ચાલુ રહેશે અને ૧ એપ્રિલ ૨૦૧૮ પછી રીન્યુ કરી શકાશે.

ગ્રુપના સિદ્ધાંતો તથા નિયમોના ભંગ સબબ, મેઈન ગ્રુપ એડમીનશ્રી કોઈ પણ સભ્યની મેમ્બરશીપ તત્કાલીન ધોરણે રદ-બાતલ કરવાની સત્તા ધરાવે છે તથા સંપર્ક અને ગાઈડન્સ માટે સ્થાનિક (રીજીઓનલ) વોલન્ટીયર્સ / સબ-એડમીનની નિમણુક કરી શકે છે.

૪. જ્ઞાતિને લગતી તમામ માહિતી પ્રસારીત કરવાની છુટ છે. કોઈપણ જ્ઞાતિજનની સિધ્ધિઓ અથવા ઉપલબ્ધીઓ પ્રસારીત કરવાની છુટ છે. જ્ઞાતિજન સ્વજનના નિધન / બેસણા અંગેની માહિતીની મુકવાની છુટ છે. શિક્ષણ / રમતગમત / ઈત્તર રાજ્ય કક્ષા - રાષ્ટ્રિય કક્ષાની પ્રવૃતિઓ / કલા / હસ્તકલા / સંગીત / નૃત્ય / વ્યવસાય / રોજગાર ( વિગેરે ક્ષેત્રની અંગત ) / અંગત મેળવેલી સિધ્ધી પ્રસારીત કરી શકાય છે.

૫. ફોરવર્ડ ચિત્રો, વિડીયો, સંદેશાઓને સોમવાર થી શનિવાર સુધીના દિવસોએ પ્રસારીત કરવાની મનાઈ છે. આવા સંદેશાઓ અને બીજા ચિત્રો, મૂળ ઉદ્દેશ્યનો હેતુ સિધ્ધ થવા દેતા નથી.

૬. રવિવારે, મનોરંજન પ્રદાન કરવાના હેતુથી આપવાદ રૂપ મનોરંજક, નોંધ કે સંદેશાઓ કે ચિત્રો-વિડીયો પ્રકારના સંદેશાઓ પ્રસારિત કરવાની છુટ આપવમાં આવે છે. આ માત્ર રવિવાર પુરતુજ મર્યાદીત છે.

૭. તહેવારની શુભેચ્છાઓની આપ લે માત્ર પાંચ મુખ્ય હિંદુ-વૈષ્ણવ તહેવારોમાં જ કરી શકાશે. તે તહેવારો ફક્ત : ઉત્તરાયણ, હોળી, જન્માષ્ટમી, દિવાળી, બેસતુ વર્ષ રહેશે.
બીનજરૂરી ફોરવર્ડ મેસેજથી દૂર રહેવા વિનંતી કરવામાં આવે છે

## જી.સી.વી. વોટ્સેપ (WhatsApp) ગ્રુપ ડિસ્ક્લેઈમર :

"જી.સી.વી. જ્ઞાતિ-ગ્રુપ થકી શરુ કરવામાં આવેલી વોટ્સેપ મેસેન્જર પ્રવૃત્તિ, વૈશ્વિક વાયડા વણિક સભ્યોના અરસ-પરસના સંપર્ક તથા સંદેશ-વ્યવહાર લાભાર્થે બનાવેલ ડીજીટલ પ્લેટફોર્મ છે. આ સંદેશાઓ અંગેની દરેક પ્રકારની જવાબદારી સંદેશા (પોસ્ટ/ કન્ટેન્ટ) મુકનાર સભ્યોની વ્યક્તિગત રહેશે. આ સંદેશાઓ અંગે ઉદભવી શકતી સર્વ કાયદાકીય જવાબદારીઓનું પાલન ફક્ત અને ફક્ત મુકનાર સભ્યને કરવાનું રહેશે. આ માટે ગ્રુપ અથવા એડમીનની કોઈ જવાબદારી નહિ રહે તેની નોંધ લેવી."